ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૩–૧૨–૨૦૨૩**

ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, તેલંગણામાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થયો છે. તેલંગણાના કાર્યકરો-આગેવાનો તમામને ખુબખુબ અભિનંદન. તેલંગણામાં જનતાએ સત્તા સોંપી છે. કોંગ્રેસ પક્ષની સરકાર તેલંગણાના સર્વાંગી-સંતુલીત વિકાસ માટે અને ચૂંટણી દરમ્યાન આપેલા વચનોને પૂર્ણ પણે અમલ કરવા માટે પ્રતિબધ્ધતાથી કામ કરશે.

રાજસ્થાનના ચૂંટણીમાં દર પાંચ વર્ષે સત્તા પરિવર્તન-ના રિવાજ પર મતદાનથી આ પરિણામ જણાય છે. કોંગ્રેસ પક્ષની રાજસ્થાન સરકાર જનલક્ષી કામગીરી પ્રજા સુધી લાભ પહોંચે તેનો હંમેશા સતત-સંયુક્ત પ્રયાસ કર્યો હતો. પણ, પરફોર્મન્સની સામે રાજસ્થાનની જનતાએ સત્તા પરિવર્તનની પરંપરા ફરી એક વખત પરિણામમાં સ્પષ્ટ જણાય છે.

છત્તીસગઢમાં વિધાનસભાના પરિણામો અપેક્ષાથી તદ્દન વિપરીત છે. છત્તીસગઢમાં કોંગ્રેસની સરકારે અનેક પ્રજાલક્ષી પાયાની કામગીરી કરી હતી. પણ, અપેક્ષાથી વિપરીત પરિણામ છે.

મધ્યપ્રદેશમાં વિધાનસભા પરિણામો માટે અમો આશાવાદી હતા પણ, પરિણામ કોંગ્રેસની તરફેણમાં આવ્યું નથી.

જનતાના ચૂકાદાને કોંગ્રેસ પક્ષ માથે ચડાવે છે. લોકતંત્રમાં જનતાએ તેલંગણામાં સત્તા સોંપી છે. કોંગ્રેસ પક્ષની સરકાર તેલંગણાના સંતુલીત વિકાસ અને ચૂંટણી દરમ્યાન આપેલા વચનોને પૂર્ણ પણે અમલ કરવા માટે પ્રતિબધ્ધતાથી કામ કરશે અને જ્યાં વિપક્ષ તરીકે ચુકાદો છે તે રાજ્યોમાં મજબુત વિપક્ષ તરીકે કામ કરીશું અને જનતાના ન્યાયની લડાઈ લડીશુ.

(ડૉ. મનીષ એમ. દોશી)
પ્રવક્તા અને મીડીયા કો-ઓર્ડીનેટર